સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત) ની સામન્ય /મધ્યસત્ર /પેટા ચૂંટણીઓ માટે મતદાન મથકદીઠ ખર્ચના ધોરણો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :-ચટણ /૧૦૧૩/૨૪૯૫/ગ
સચિવાલય,ગાંધીનગર
તારીખ: -૦૪/૧૧/૨૦૧૫

## વંચાણે લીધા:-

(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૦૬/૦૫/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૨૦૦૫/૫/ગ.

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:- ચટણ/૧૦૧૨/૧૮૪૯/ગ.

(૩) રાજ્ય ચૂંટણી આયોગનો તા.૦૬/૦૮/૨૦૧૨નો પત્ર ક્રમાંક:-રાચાઆ/ચટણ/ટીડીપી-૨૮(૬)/ ૮૨૦૧૨/ક.

(૪) રાજ્ય ચૂંટણી આયોગનો તા.૦૯/૦૬/૨૦૧૫નો પત્ર ક્રમાંક :-રાચાઆ/ચટણ/સ્થા.સ્વ./ ૨૮૨/૬૨૦૧૫/ ક /૧૦૧૫૫ થી ૧૫૮.

(૫) રાજ્ય ચૂંટણી કમિશ્નરશ્રીના અધ્યક્ષપદે તા.૨૬/૦૨/૨૦૧૫ના રોજ યોજાયેલે બેઠકની કાર્યવાહી નોંધ.

(૬) વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરનો તા.૦૬/૦૮/૨૦૧૫નો પત્ર ક્રમાંક :- વિક/કાયદા/યુ-૨/ વશી/૨૦૧૫.

(૭) વિકાસ કમિશ્નરશ્રી ગાંધીનગરના તા.૦૩/૧૦/૨૦૧૫ના પત્ર ક્રમાંક:- વિક/કાયદા- ૪/વશી/૨૦૯૯/૨૦૧૫.

## આમુખ:-

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ગ્રામ પંચાયત , તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત)ની સામાન્ય, મધ્યસત્ર તથા પેટા ચૂંટણીઓ માટેની કામગીરી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવે છે. રાજ્ય ચૂંટણી આયોગ રાજ્યના જિલ્લા, તાલુકા અને ગ્રામ કક્ષાના વહીવટી તંત્રની મદદથી રાજ્યની ચૂંટણીનું સંચાલન કરે છે. સંદર્ભ-૧ પરના વિભાગના તા.૦૬/૦૫/૨૦૧૦ના ઠરાવથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ગ્રામ પંચાયત , તાલુકા પંચાયત અનેજિલ્લા પંચાયત)ની સામાન્ય,મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓ માટેના ખર્ચને પહોંચી વળવા માટે

મતદાન મથકદીઠ રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ની ગ્રાન્ટ ફાળવણીનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે.

૨. સંદર્ભ-૨ સામેના તા.૧૮/૦૪/૨૦૧૩ના ઠરાવથી ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતોની સામાન્ય, મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓ દરમ્યાન મતદાન મથકદીઠ ખર્ચની મર્યાદાની વિચારણા અને સમીક્ષા કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગના કમિશ્નરશ્રીના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરવામાં આવેલ જે મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ દરમ્યાન મતદાન મથકદીઠ ખર્ચની મર્યાદા રૂ.૧૦,૦૦૦/-થી વધારવા માટેની સમીક્ષા કરવા અંગે રાજ્ય ચૂંટણી આયોગના કમિશ્નરશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૬/૦૨/૨૦૧૫ના રોજ સમિતિની બેઠક યોજવામાં આવેલ હતી. સમિતિની બેઠકમાં ચૂંટણીને લગતા તમામ ખર્ચની બાબતોની ચર્ચા/વિચારણા કરી તમામ પાસાઓને ધ્યાનમાં લઈ ચૂંટણીલક્ષી ખર્ચમાં થયેલ વધારો ધ્યાને લઈ પંચાયતોની સામાન્ય, મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓ માટે મતદાન મથકદીઠ ખર્ચની મર્યાદા વધારવા બાબતે નક્કી કરવામાં આવેલ હતું.વધુમાં મતદાન મથકદીઠ ખર્ચની રકમ વધારવા રાજ્યના જુદા જુદા કલેકટરશ્રીઓ દ્વારા પણ રજુઆતો કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સંદર્ભ –(૩) અને (૪) પરના અનુક્રમે તા.૦૬/૦૮/૨૦૧૨અને તા.૦૯/૦૬/૨૦૧૫ના પત્રોથી મતદાન મથકદીઠ ખર્ચની મર્યાદામાં વધારો કરવા તેમજ સંદર્ભ-–(૬) અને (૭) પરના વિકાસ કમિશ્નરશ્રીના તા.૦૬/૦૮/૨૦૧૫ના અને તા.૦૩/૧૦/૨૦૧૫ના પત્રથી મતદાન મથકદીઠ ખર્ચની મર્યાદા વધારવા અંગેની દરખાસ્તો કરવામાં આવેલ, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

રાજય ચૂંટણી આયોગ અને વિકાસ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવેલ આ દરખાસ્તો તેમજ મતદાન મથકદીઠ ખર્ચની મર્યાદાની સમીક્ષા કરવા માટે રચવામાં આવેલ સમિતિની ભલામણ પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્ય સરકાર રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (ગ્રામ પંચાયત,તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત)ની સામાન્ય, મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓ માટે ચૂંટણીલક્ષી ખર્ચને પહોંચી વળવા માટે મતદાન મથકદીઠ ખર્ચની મર્યાદા રૂ.૧૭,૦૦૦/- (અંકે રૂપિયા સત્તર હજાર પુરા)ની ગ્રાન્ટ ફાળવણી કરવાનું આથી નીચે દર્શાવેલ શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

૧. આ ગ્રાન્ટમાંથી નીચે દર્શાવ્યા મુજબના ચૂંટણીલક્ષી ખર્ચ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૧) ચૂંટણી માટે મતદાર યાદી તૈયાર કરવા/ છાપવાનો ખર્ચ.

(૨) ચૂંટણી માટે સરકારે મંજુર કરેલ મહેકમના પગાર ભથ્થાનો ખર્ચ.

(૩) મતદાન માટે મતકુટીર બનાવવા માટેનો ખર્ચ.

(૪) મતદાન /ચૂંટણી માટે જરૂરી ફોર્મ છપાવવા,કવર,સીલ ઈત્યાઈનો ખર્ચ.

(૫) મતદાન માટે વાપરવાની અવિલોપ્ય શાહીનો ખર્ચ.

(૬) ચૂંટણી કામગીરી માટે રોકાયેલ મતદાન કેન્દ્રના અધિકારી/કર્મચારીઓના ચૂંટણી કામકાજના ભથ્થાઓ/મહેનતાણું.

(૭) મતદાન કેન્દ્રના સ્ટાફને ચૂંટણી તાલીમ આપવાનો ખર્ચ.

(૮) મત ગણતરી અંગેનો ખર્ચ.

(૯) મતદાન મથકે મંડપ બાંધવાનો ખર્ચ.

(૧૦) મતદાનનો વિડીયોગ્રાફી/ ફોટોગાફીનો ખર્ચ.

(૧૧) મતદાન મથકે ચૂંટણી સ્ટાફને લઈ જવાનો -લાવવાનો ખર્ચ.

(૧૨) ચૂંટણી સામગ્રીની ફાળવણી કલેકશન તથા મતદાન કેન્દ્રો પરની અન્ય સગવડો.

(૧૩) ચૂંટણી આયોજન અને સમગ્ર ચૂંટણી માટેના આનુષાંગિક ખર્ચ.

(૧૪) ઈ.વી.એમ. મશીનનો ખર્ચ.

(૧૫) ઈ.વી.એમ.મશીનના તાલીમ કાર્યક્રમનો ખર્ચ.

(૧૬) ફોટા સાથેની મતદાર યાદી અદ્યતન કરવાનો ખર્ચ.

(૧૭) ચૂંટણીના કામે ઉપયોગમાં લેવાના વાહનો માટે પેટ્રોલ /ડીઝલનો ખર્ચ.

(૧૮) ભોજન ખર્ચના બિલોની ચુકવણી.

(૧૯) સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસ બંદોબસ્તનો ખર્ચ

(૨૦) ઈ.વી.એમ. મશીન રીપેર કરાવવાનો ખર્ચ.

(૨૧) વોર્ડ/મતદાર મંડળની રચનાની નકલો તૈયાર કરવા સીમાંકનની પ્રસિધ્ધિ માટેનો ખર્ચ.

(૨૨) ચૂંટણીના કામે રીઝર્વ રાખેલ સ્ટાફને કરવાની ચુકવણીનો ખર્ચ.

(૨૩) મતગણતરીના સ્ટાફ માટે ચા-નાસ્તો અને જમવાનો તથા અન્ય કન્ટીઝન્સી ખર્ચ.

(૨૪) ચૂંટણી કમિશ્નરશ્રીની સૂચનાઓ અન્વયે ઝડપી નિર્ણય લઈ તાત્કાલિક કાર્યવાહી કરવા માટે થતો ખર્ચ.

૨. ચૂંટણી અધિકારીએ અનુદાન માટે ખર્ચના હિસાબો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદના ૩૦ દિવસમાં વિકાસ કમિશ્નરશ્રીને મોકલવાના રહેશે. અને વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા સંકલિત હિસાબો વિભાગને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદના ૬૦ દિવસમાં પુરા પાડવાના રહેશે.

૩. ચૂંટણી બિન હરીફ થવાના પ્રસંગે જે-તે મતદાન મથક માટે મતદાર યાદી તૈયાર કરવાના તથા છપાવવા જેવા ફરજિયાત ખર્ચને બાદ કરતાં વધેલી રકમ એક માસમાં વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને પરત સોંપવાની રહેશે. જો તેમ કરવામાં નહી આવે તો પછીના માસથી સરકારના

નિયમોનુસાર દંડનીય વ્યાજ લાગું પાડવામાં આવશે.જેની જવાબદારી ચૂંટણી અધિકારીની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગું પડતાં ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી.

૬. આ મંજુરી અન્વયે કરવાની થયી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. આ કામમાં ટેન્ડર પ્રોસેસિંગ કરવાનું થતું હોય તો, સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક :- એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ તથા વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. અનુદાનમાંથી કરવામાં આવેલ ખર્ચ તથા હિસાબનું ઓડીટ કરાવવાનું રહેશે.

૯. વિભાગ દ્રારા મતદાન મથકના ખર્ચના અનુદાન માટેના નિયમો ઘડવાના રહેશે.

૧૦. આ અંગે વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ કરતાં હાલના અનુદાનની મર્યાદામાં વધારો કરવામાં આવતા થયેલ જોગવાઈ કરતાં વધારે ખર્ચ થાય તો તેની સુધારેલ અંદાજપત્રમાં જોગવાઈ વિકાસ કમિશ્નરશ્રીએ કરાવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક :-૭૦, મુખ્ય સદર-૨૫૧૫-૦૦-૮૦૦-૦૧-"સીડીપી-૧૧ પંચાયતોની ચૂંટણી " આયોજન બહાર સદરે વર્ષ ૨૦૧૫-૧૬ માટે મંજુર થયેલ ગ્રાન્ટ સામે જ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૩/૧૦/૨૦૧૫ની નોંધથી અને સરકારશ્રીની તા.૦૨/૧૧/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ બી. પઢારિયા )
ઉપ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી ,સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ ગ્રામ વિકાસ વિભાગ.
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, સચિવાલય ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ ગ્રામ વિકાસ વિભાગ.
- વિકાસ કમિશ્નરશ્રી,બ્લોક નં:-૧/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (પંચાયત),નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.
- પસંદગી ફાઈલ.